૨૨/૦૨/૨૦૨૧

સાંચી યુનિવર્સિટી ઓફ બૌદ્ધિસ્ટ ઈન્ડીક સ્ટડીઝના વાઈસ ચાન્સેલર તરીકે ગુજરાત યુનિવર્સિટીના ભારતીય વિદ્યાભવન સંચાલિત શેઠ આર.એ.કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ કોમર્સના આચાર્ય ડો.(પ્રો.) નીરજા એ.ગુપ્તાની પસંદગી કરવામાં આવી.

ગુજરાત યુનિવર્સિટીના સ્ટડી એબ્રોડ પ્રોગ્રામના સંયોજક તેમજ વિવિધ  સત્તામંડળના સભ્ય તરીકે કાર્યરત ડો.(પ્રો.)નીરજા એ.ગુપ્તાને ગુજરાત યુનિવર્સિટી ખાતે શુભેચ્છા પાઠવવામાં આવી.

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શેઠ આર.એ.ભવન્સ કોલેજના આચાર્યશ્રી ડો.(પ્રો.)નીરજા એ.ગુપ્તાની મધ્ય પ્રદેશ સ્થિત સાંચી યુનિવર્સિટી ઓફ બૌદ્ધિસ્ટ ઈન્ડીક સ્ટડીઝના વાઈસ ચાન્સેલર તરીકે મધ્ય પ્રદેશના રાજ્યપાલ શ્રીમતિ આનંદીબેન પટેલ દ્વારા ચાર વર્ષના કાર્યકાળ માટે આજરોજ નિયુક્તિ કરવામાં આવી છે તેને ગુજરાત યુનિવર્સિટી પરિવારે વધાવીને ગૌરવ સાથે ડો. નિરજા એ.ગુપ્તાને તેમની નવી જવાબદારી માટે અભિનંદન પાઠવ્યા છે.

ડો.(પ્રો.)નીરજા એ.ગુપ્તા ગુજરાત યુનિવર્સિટીમાં વિદેશથી ભણવા આવતા વિદ્યાર્થીઓ માટેના ખાસ વિભાગ સ્ટડી એબ્રોડ પ્રોગ્રામના સંયોજક છે. ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય, ગુજરાત યુનિવર્સિટીની એકેડેમીક કાઉન્સિલના સભ્ય, ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય સહિત ગુજરાત યુનિવર્સિટીના વિવિધ કાર્યો સાથે સંકળાયેલા બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા શિક્ષણ ક્ષેત્રના અગ્રણી છે.  આજરોજ ડો.(પ્રો.) નીરજા એ.ગુપ્તાને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીએ શુભેચ્છા પાઠવી હતી,તેમજ ઉપકુલપતિશ્રી, કુલસચિવશ્રી, ડાયરેક્ટરશ્રીઓની ઉપસ્થિતિમાં સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગુજરાત યુનિવર્સિટી માટે ગૌરવની ક્ષણને ઉજવવામાં આવી હતી.







